This Question Paper contains 8 printed pages.

Seat No.: | | | | | | | |

Sl. No. : 100397

# 203(G)

**(March, 2022)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

**સૂચનાઓ :**

1) આ પ્રશ્નપત્રમાં કુલ 51 પ્રશ્નો છે.
2) પ્રશ્નની સૂચના પ્રમાણે જ જવાબ લખવા.
3) જમણી બાજુના આંકડા ગુણ દર્શાવે છે.
4) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ - A

■ **નીચે આપેલા 1 થી 20 હેતુલક્ષી પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[20]**

1) સિવિલ હોસ્પિટલને ઉપયોગી બનતી પડતર પદ્ધતિ .........
(A) કરાર પડતર (B) એકમ પડતર
(C) સેવા પડતર

2) પડતર હિસાબી પદ્ધતિનો મુખ્ય હેતુ ..........
(A) ગ્રાહકોને સમયસર માલ આપવો
(B) કાર્ય અંગેની નીતિનું ઘડતર કરવું
(C) બજાર સંશોધનની પ્રક્રિયાને સરળ બનાવવી

3) મહેસાણાની દુધ સાગર ડેરીને પડતરની કઈ પદ્ધતિ અનુકૂળ છે ?
(A) એકમ પડતર (B) પ્રક્રિયા પડતર
(C) કરાર પડતર

4) કઈ પદ્ધતિમાં વધેલો માલ છેલ્લે રહે છે ?

(A) ભારિત સરેરાશ (B) લીફો પદ્ધતિ

(C) ફીફો પદ્ધતિ

5) વેચાણ વિભાગના વડાને શું કહે છે ?

(A) ખરીદ અધિકારી (B) વેચાણ અધિકારી

(C) ઉત્પાદન અધિકારી

6) ધંધાની સફળતા માટે રોકડમેળ જેટલું જ ધ્યાન શાના પર આપવું જોઈએ ?

(A) સ્ટોક પત્રક (B) વેપાર ખાતું

(C) નફા - નુકસાન ખાતું

7) નીચેનામાંથી કોઈ એક પ્રત્યક્ષ માલ-સામાનનું ઉદાહરણ નથી.

(A) ફર્નિચરની બનાવટમાં લાકડું

(B) બૂટમાં વપરાતું ચામડું

(C) પુસ્તકની બનાવટમાં ગુંદર

8) નીચેનામાંથી ઉત્તેજન વેતનપ્રથા કઈ છે ?

(A) સમય વેતન (B) હેલ્સી યોજના

(C) કાર્ય વેતન

9) શિરોપરી ખર્ચની ફાળવણીમાં ભાડુ-વેરા કયા આધારે ફાળવશો ?

(A) રોકેલ જગ્યા (B) પગાર ખર્ચ

(C) કામદાર સંખ્યા

10) નીચેનામાંથી સમય નોંધવાની જૂની પદ્ધતિ છે.

(A) સમય નોંધતા ઘડિયાળો (B) ફરતા જોબકાર્ડ

(C) હસ્ત લિખિત

11) જાહેરાત અને જાવક માલ ગાડા ભાડું એ કયા પ્રકારના ખર્ચા છે ?

(A) કારખાનાના ખર્ચ (B) વેચાણ - વિતરણ ખર્ચ

(C) વહીવટી ખર્ચ

12) જે ખર્ચા કોઈ જોબ પ્રક્રિયા કે વિભાગ માટે જ થયા હોય તેને શું કહે છે ?

(A) પ્રત્યક્ષ ખર્ચ (B) પરોક્ષ ખર્ચ

(C) અન્ય ખર્ચ

13) ઉત્પાદન પ્રક્રિયા દરમ્યાન મુખ્ય વસ્તુ સાથે ઓછા મહત્ત્વની વસ્તુનું ઉત્પાદન થાય તેને શું કહે છે ?

(A) સંયુક્ત પેદાશ (B) સંયુક્ત પડતર

(C) આડ પેદાશ

14) પડતરના હિસાબોમાં ન સમાવાતી વિગત ........

(A) ભાડું-વેરા (B) ઘાલખાધ અનામત

(C) ચૂકવેલ ભાડું

15) પાઘડી - ટ્રેડમાર્ક એ કઈ મિલકત છે ?

(A) અદૃશ્ય મિલકત (B) કાયમી મિલકત

(C) ચાલુ મિલકત

16) સમતૂટ બિંદુ એટલે ........

(A) મહત્તમ નફો દર્શાવતી કક્ષા

(B) લઘુત્તમ નફો દર્શાવતી કક્ષા

(C) નહિ નફો નહિ નુકસાન દર્શાવતી કક્ષા

17) નીચેનામાંથી અર્ધચલિત ખર્ચનું ઉદાહરણ છે.

(A) યંત્રનો ઘસારો (B) ટેલીફોન બીલ

(C) જાહેરાત

18) નાણાંકીય હિસાબોનાં આખર સ્ટોકનું મૂલ્યાંકન ........

(A) મૂળ કિંમત અને બજાર કિંમત બેમાંથી જે ઓછી તે

(B) મૂળ કિંમતે થાય

(C) બજાર કિંમતે થાય

19) માલના કુદરતી ગુણધર્મના લીધે જે બગાડ થાય તેને કયો બગાડ કહે છે ?

(A) અસામાન્ય વધારો (B) અસામાન્ય બગાડ

(C) સામાન્ય બગાડ

20) નફા - જથ્થાનો ગુણોત્તર શોધવા જરૂરી છે.

(A) વેચાણ અને સ્થિર ખર્ચ (B) ફાળો અને વેચાણ

(C) વેચાણ અને ચલિત ખર્ચ

## વિભાગ - B

■ **નીચે આપેલા 21 થી 30 પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

21) ફાળો એટલે શું ?

22) પડતરના મૂળતત્વો જણાવો.

23) LIFO પદ્ધતિ એટલે શું ?

24) માલસામાનના મુખ્ય બે પ્રકારો જણાવો.

25) હેલ્સી યોજનાનું બોનસ શોધવાનું સૂત્ર જણાવો.

26) મજૂરીની ગણતરીની આધુનિક પદ્ધતિઓ જણાવો.

27) પરોક્ષ ખર્ચની ઓછી વસૂલાત એટલે શું ?

28) બગાડના બે પ્રકાર જણાવો.

29) પ્રાથમિક પડતર એટલે શું ?

30) શિરોપરી ખર્ચની ફાળવણીમાં દિવાબત્તી કયા આધારે ફાળવશો ?

## વિભાગ - C

■ **નીચે આપેલા 31 થી 40 સુધીના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. દસમાંથી ગમે તે સાત લખો. દરેક પ્રશ્નના 2 ગુણ છે.** [14]

31) નીચેના ઉદ્યોગોને પડતરની કઈ પદ્ધતિ ઉપયોગી છે ?

(1) મકાન બાંધકામ

(2) ઓઈલ રીફાઈનરી

32) સામાન્ય બગાડના ચાર કારણો જણાવો.

33) બિન કાર્ડ એટલે શું ?

34) પડતરનું એકમ એટલે શું ?

35) વેતન કે મહેનતાણું ચૂકવવાની રીતો જણાવો.

36) અર્ધચલિત ખર્ચ એટલે શું ? બે ઉદાહરણ આપો.

37) કારખાનાના પરોક્ષ ખર્ચના ચાર ઉદાહરણ આપો.

38) પડતરના હિસાબો નહિ પરંતુ નાણાંકીય હિસાબોમાં સમાવેશ થતી ચાર બાબતો જણાવો.

39) પ્રત્યક્ષ માલ સામાનના ચાર ઉદાહરણ આપો.

40) લક્ષણને આધારે માલ સામાનના પ્રકારો જણાવો.

■ **નીચેના આપેલા પ્રશ્નક્રમાંક 41 થી 43 ટૂંકનોંધ પ્રકારના પ્રશ્નો છે. ત્રણમાંથી ગમે તે બે લખો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** [6]

41) ફીફો પદ્ધતિ અને લીફો પદ્ધતિનો તફાવત ત્રણ મુદ્દામાં લખો.

42) પ્રત્યક્ષ ખર્ચા સમજાવો.

43) મજૂર ફેરબદલીના કારણો જણાવો.

## વિભાગ - D

■ **નીચેના આપેલા પ્રશ્નક્રમાંક 44 થી 49 નિબંધ પ્રકારના પ્રશ્નો છે. છ માંથી ગમે તે પાંચ લખો. દરેક પ્રશ્નના 8 ગુણ છે.** **[40]**

44) અતુલ પ્રોડક્શનમાં 'અ' પ્રકારનો માલ સામાન નીચે મુજબ છે.

(1) સરેરાશ વપરાશ - 50 એકમો

(2) ઓછામાં ઓછો વપરાશ - 25 એકમો

(3) વધુમાં વધુ વપરાશ - 75 એકમો

(4) વરદી જથ્થો - 300 એકમો

(5) વરદી સમય - 4 થી 6 અઠવાડિયાં

ઉપરની વિગતો પરથી વરદી સપાટી, લઘુત્તમ સપાટી, ગુરૂત્તમ સપાટી અને સલામતી સપાટી શોધો.

45) એક કારીગરને એક કામ કરવા માટે 20 કલાકનો સમય આપવામાં આવે છે. પરંતુ કામદાર આ કામ 16 કલાકમાં પુરું કરે છે: વેતનનો દર કલાકદીઠ ₹ 5 છે. એક વસ્તુની માલસામાનની કિંમત ₹ 80 છે. કારખાનાનો શિરોપરી ખર્ચ પ્રત્યક્ષ મજૂરીના 100% લેખે ગણવાનો છે. તો હેલ્સી અને રોવન યોજના મુજબ કારખાના પડતર શોધો.

46) નીચેની માહિતીના આધારે આર્થિક વરદી જથ્થો અને ઓર્ડર સંખ્યા શોધો.

(1) વર્ષ દરમ્યાન વપરાશ - 4000 એકમો

(2) ઓર્ડર મુકવાનો ખર્ચ - ₹ 20

(3) એકમદીઠ વહન સંગ્રહ ખર્ચ - 10%

(4) વસ્તુની એકમદીઠ કિંમત - ₹ 40

47) એક કારખાનાની માહિતી નીચે મુજબ છે.

(1) એકમદીઠ વેચાણ કિંમત - ₹ 60

(2) એકમદીઠ ચલિત ખર્ચ - ₹ 42

(3) કુલ સ્થિર ખર્ચા (વાર્ષિક) - ₹ 7,20,000

ગણતરી કરો :

(1) સમતૂટબિંદુ એકમમાં અને રૂપિયામાં શોધો.

(2) જો કંપનીને ₹ 1,80,000 નો નફો મેળવવા જરૂરી વેચાણ શોધો.

(3) સલામતીગાળો એકમમાં શોધો.

(4) નફા-જથ્થાનો ગુણોત્તર શોધો.

**48)** "રાધેશ્યામ" કંપનીના પડતરના હિસાબો મુજબ નફો ₹ 3,50,000 છે. જ્યારે નાણાંકીય હિસાબો મુજબ નફો જુદો છે. બન્ને પ્રકારના ચોપડા તપાસતાં નીચેની બાબતો માલુમ પડી.

(1) વેચાણ - વિતરણ પરોક્ષ ખર્ચની વધુ વસૂલાત ₹ 30,000

(2) નાણાંકીય હિસાબોમાં મિલકત અપ્રચલિત બનવાથી ઉધારેલ ખોટ ₹ 5,000

(3) મળેલ વ્યાજ અને દલાલી ₹ 10,000

(4) નાણાંકીય હિસાબોમાં આખર સ્ટોકનું ઓછું મૂલ્યાંકન ₹ 25,000

(5) પડતરના હિસાબોમાં પોતાની માલિકીના મકાનનું ભાડું ₹ 20,000

(6) પડતરના હિસાબોમાં ઓછો ઉધારેલ ઘસારો ₹ 10,000

મેળવણી પત્રક તૈયાર કરો.

**49)** શ્રી મહેશ્વરી કંપનીના ત્રણ ઉત્પાદન વિભાગો A, B, અને C છે. નીચેની માહિતીના આધારે પરોક્ષ ખર્ચની ફાળવણી દર્શાવતું પત્રક તૈયાર કરો -

| | **ખર્ચનું નામ** | — | ₹ |
|---|---|---|---|
| (1) | ભાડું - વેરા | — | 2,400 |
| (2) | કેન્ટીન ખર્ચા | — | 1,440 |
| (3) | વીજળી | — | 5,400 |
| (4) | યંત્રનો ઘસારો | — | 3,150 |
| (5) | સ્ટોકનો વીમો | — | 6,000 |
| (6) | પરોક્ષ મજૂરી | — | 5,600 |

| વિગત | A | B | C |
|---|---|---|---|
| રોકેલ જથ્થા | 200 | 300 | 500 |
| કામદાર સંખ્યા | 10 | 20 | 30 |
| વીજળી પોઈન્ટ | 4 | 6 | 10 |
| યંત્રની કિંમત (₹) | 60,000 | 70,000 | 80,000 |
| પ્રત્યક્ષ મજૂરી (₹) | 30,000 | 50,000 | 60,000 |
| સ્ટોકની કિંમત (₹) | 15,000 | 9,000 | 6,000 |

## વિભાગ - E

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 50 અને 51 નિબંધલક્ષી પ્રશ્નો છે. બે માંથી ગમે તે એક લખો. દરેકના 10 ગુણ છે.** **[10]**

50) એક વસ્તુનું ઉત્પાદન કરતાં બે પ્રક્રિયામાંથી પસાર થાય છે. 'અ' અને 'બ'. બ પ્રક્રિયામાંથી તે તૈયાર માલના સ્ટોક ખાતે જાય છે. નીચેની માહિતી માર્ચ - 2020 ને લગતી છે. તેના આધારે પ્રક્રિયાના ખાતાં તૈયાર કરો દરેક પ્રક્રિયાની એકમદીઠ પડતર શોધો.

| વિગત | પ્રક્રિયા - અ (₹) | પ્રક્રિયા - બ (₹) |
|---|---|---|
| માલસામાન(1,500 એકમો) | 45,000 | – |
| પ્રત્યક્ષ મજૂરી | 6,500 | 6,200 |
| પ્રત્યક્ષ ખર્ચા | 4,500 | 7,900 |
| પરોક્ષ ખર્ચા | 16,000 | 11,100 |
| સામાન્ય બગાડ (દાખલ કરેલ એકમના) | 20% | 10% |

51) શ્રી મેલડી કંપનીની નીચેની માહિતીના આધારે પડતરનું પત્રક તૈયાર કરો.

| વિગત | ₹ |
|---|---|
| પ્રત્યક્ષ માલ સામાન | 1,50,000 |
| પ્રત્યક્ષ મજૂરી | 2,00,000 |
| પ્રત્યક્ષ ખર્ચા | 30,000 |
| કારખાનાનું ભાડું - વેરા | 80,000 |
| ઓફીસ સ્ટાફ પગાર | 45,000 |
| વેચાણ મેનેજરનો પગાર | 60,000 |
| યંત્રનો ઘસારો | 18,000 |
| કાઉન્ટીંગ હાઉસ પગાર | 12,000 |
| ભાવ પત્રક | 4,000 |
| ઘોડિયાઘરનો ખર્ચ | 30,000 |
| ઓડિટ ફી | 8,000 |
| ઔદ્યોગિક પ્રદર્શનમાં ભાગ લેવાનો ખર્ચ | 20,000 |
| સુપરવાઇઝરનો પગાર | 10,000 |
| સામાન્ય ખર્ચા | 5,000 |
| શો રૂમનું ભાડું | 3,000 |
| વેચાણ | 9,00,000 |

◆◆◆